# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર


ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૩૬૪ • તા. ૩૧ મે થી ૬ જૂન ૨૦૨૫

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (West), Mumbai - 400 604.





# અરિહંત કોઓપરેટિવ બેંકને ભારત કો.ઓપ. બેન્કિંગ સમિટમાં બે એવોર્ડ શ્રેષ્ઠ NPA મેનેજમેન્ટ તથા શ્રેષ્ઠ અધ્યક્ષ એનાયત થયા


Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai
GJF
Life Member
SHUBH
DIAMONDS
RAJESH MOMAYA
9884149494
# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.
For Business Queries : 044-4314 1444
www.shubhdiamonds.com Contact : 9884899494 E.Mail : pratik.mota@shubhdiamonds.com
-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)

## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# જીવનના સુખ મળે એ પ્રભુની પ્રસાદી

જીવનમાં સાચું સુખ અને શાંતિ આપણા હૃદયમાંથી જન્મે છે. મનની શાંતિ વગર મળતા સુખચેન અંજપો પેદા કરે છે. સારી દ્રષ્ટિ સાથે સારા ભાવ, સારા વિચારો સાથે પરહિત કલ્યાણની કામના હોય તો દુનિયા બદલાઈ જાય છે. સારી દ્રષ્ટિ કેળવવા ગુણાનુ રાગી બનવું પડે છે. નકારાત્મક વલણ, શંકા, પૂર્વગ્રહ, ઈર્ષા અદેખાઈના ભાવ સાથો સાથ અવિશ્વાસ, જડ માન્યતા દૂર કરવી પડે છે. ભ્રાતૃભાવના કેળવવાથી અન્ય તથા અજાણી વ્યક્તિઓનો પ્રેમ પામી શકાય છે. પ્રેમએ જીવનનું મીઠું અને મોંઘુ અમૃત છે. તે પૈસાથી કદી મળતું નથી. પ્રેમ આપીને પ્રેમ લઈ શકાશે. જીવનમાંથી જેટલો પ્રેમ બીજા માટે ઢોળીશું, વહાવી શું તેટલો તે આપણને સામો પ્રાપ્ત થશે.


સુખ ત્રણ પ્રકારના છે. તન, મન અને ધનનું. માણસ માત્રની ઈચ્છા કે કામના આ ત્રણેય સુખ મળે એ હોય છે. પણ, હકીકતમાં આ ત્રણેય સુખ કોઈને મળતાં નથી. સૌ જણ ધનનું સુખ મળે એની કામના કરે છે. પણ મનમાં શાંતિ નહીં હોય કે તન નિરોગીમય નહીં હોય તો શું સુખ ભોગવવા મળશે? પહેલું સુખ જાતે નર્યા. શરીર સ્વસ્થ, તન તંદુરસ્ત હશે તો જે સુખની ઓછપ હશે તેને પ્રાપ્ત કરવા પુરૂષાર્થ કરી શકાશે માટે તનનું સુખ પ્રથમ પ્રાપ્ત થવું જરૂરી છે. શારીરિક શક્તિનો ઉપયોગ શ્રમ કરવા માટે તેમજ આનંદ પ્રમોદ માટે પણ થઈ શકશે.

એવુંજ મનનું છે. ડગુમગુ વિચલિત મન કોઈ સુખને સુખેથી ભોગવા ન દેશે. શરીર બીમાર હોય તો એકવાર ચાલી જાય. પણ જો મન કમજોર તાકતહીન અને અશાંત હશે તો જીવનમાં ઉત્પાત સર્જી દેશે. જીવનમાં ક્ષમતા અને સ્થિરતા મન દ્વારા મળે છે. મનમાં તૃપ્તિ ન હોય. સંતોષ રોટલાને મીઠો અને મોંઘેરો બનાવી દે છે. જે મળ્યું છે તેને સુખીથી માણવાના ભાવ મન જ પેદા કરે છે. ચંચળવૃતિ ધરાવતું મન પોતે પણ અશાંત રહે છે અને આપણા સમગ્ર જીવનને અશાંત અને ઉપદ્રવી કરે છે.

તન, મન અને ધનના સુખ સાથો સાથ મળે એ માનવી ખરેખર ભાગ્યશાળી ગણાય. ધનથી ભૌતિક વસ્તુઓ, બજારૂ જણ સો તો આસાનીથી ખરીદી શકાય છે. પણ આનંદ અને ખુશી જરૂરી છે. તે વગર જીવન શુષ્ક અને રસવિહીન બની જાય છે. કોઈનો છળ, કપટ કરી પ્રાપ્ત કરેલું ધન કે સંપતિ આખરે અશાંતિ આપે છે અને વિનાશના કારણો સર્જે છે.

તનનું આરોગ્ય મનમાં શાંતિ અને પર્યાય પુરૂષાર્થથી પ્રાપ્ત થયેલું ધન એ પ્રભુ પરમાત્મા દ્વારા મળેલી પ્રસાદી છે. અનહદ કૃપા છે. પોતાને મળેલા સુખ અન્યો માટે વાપરવા એનો આનંદ અઢળક છે. પોતાને પ્રભુકૃપાએ મળેલ સુખ અન્ય માટે ખુશી સર્જે એનો આનંદ અનેરો હોય છે. જે હૃદયમાં સમાતો નથી. માટે તન, મન અને ધનનો ત્રિવિધ સુખની જાળવણી જતનપૂર્વક કરવી.

– જય જ્ઞાતિમૈયા



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

C/o. Jaydeep Group,
# 203, Jaydeep Emphasis,
2nd Floor, Opp. PNB
Bank, Near Datta Mandir,
Above Saraswat Bank,
Waghle Estate, Thane
(W), Mumbai - 400 604.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.

# સિધ્ધિનું પ્રેરક બળ આત્મવિશ્વાસ

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

આત્મવિશ્વાસ પ્રત્યેક વ્યક્તિમાં હોવું જરૂરી છે. જે જીવનનો ચાલક બળ છે. આત્મવિશ્વાસ એ વ્યક્તિના જીવનમાં પ્રગતિનું પાસું ઝળકાવે છે. જે વ્યક્તિમાં આત્મવિશ્વાસ છલોછલ ભરેલો હશે ત્યારે તે નિષ્ઠાથી કરેલ કાર્ય કયારેય નિષ્ફળ જતું નથી. એનું ફળ અથવા બદલો તેને વિશેષ રૂપે મળી રહે છે. માટે જીવનમાં આત્મવિશ્વાસ અને ભરપૂર રીતે વિકસાવવું જોઈએ. જેથી અવશ્યપણે સફળતા મળે અને આગળ વધવાની ભરપૂર તક મળે. નોકરી કરતાં હોઈએ કે પોતાનો ધંધો રોજગાર અથવા તો કોઈ ઈતર પ્રવૃત્તિ એ જરૂરથી આત્મવિશ્વાસથી કરશું તો એનું ફળ અવશ્ય મળશે.

આત્મવિશ્વાસ કેળવવા માટે મનને દ્રઢ બનાવજો મક્કમ બનાવજો, સ્થિર રાખજો. મન જ્યાં ત્યાં ભટકે નહીં તેની કાળજી રાખવી જરૂરી છે. આત્મવિશ્વાસ જ આપણને સફળતા તરફ દોરી જઈ શકે છે. આત્મવિશ્વાસમાં અથાગ શક્તિ છે. જો અલતાવાદી વિચારો મનમાં ઘર કરી જશે તો આત્મવિશ્વાસ નબળો પડશે. એટલે એવા વિચારોને તિલાંજલિ આપજો. નેગેટિવ વિચારોથી દૂર રહેવું જરૂરી છે. નહિંતર એનાથી આત્મવિશ્વાસ ડગમગી જશે જેથી આપણે નક્કર કાર્ય કરી શકીશું નહીં અને આખરે પીછેહઠ કરવી પડશે. માટે આત્મવિશ્વાસને કેળવવા માટે તેને ટકાવવા માટે અથાગ પ્રયત્નો કરવા જરૂરી છે. જેથી નિરાશાવાદી વલણને આપણામાં કોઈ જ સ્થાન મળે નહીં. આનાથી આત્મવિશ્વાસનો આગળ વધવાનો માર્ગ સરળ અને મોકળો થઈ જશે.

આત્મવિશ્વાસ કેળવવા માટે એક ધ્યાન, એક ચિત જરૂરી છે. આ માટે લક્ષ્ય સાધના કરવી જરૂરી છે. મન અત્રતત્ર ભટકતો રહેવાથી આત્મવિશ્વાસ પૂરેપૂરો કેળવાતો નથી. અને કાર્યો હમેંશા અધૂરાં રહી જાય છે અને કાર્યોમાં સર્વાંગી સફળતા મળતી જ નથી. વ્યક્તિમાં કેટલીક એવી કુટુવો હોય છે જેને લીધે આત્મવિશ્વાસ નબળો અને નકામો બને છે. જેથી એવા પ્રકારની કુટુવોથી દૂર રહેવા મહેનત તેમજ મથામણ કરવી જોઈએ.

આપણે આપણા વિશે નેગેટિવ વિચારી શું તો આત્મવિશ્વાસ નબળો પડશે. જેથી નકારાત્મક વિચારોને રોકો. મનમાં તે પ્રવેશ જ ન કરે એ જોવું જોઈએ. મનમાં હમેંશા સકારાત્મક વિચારોને મનમાં સ્થાન આપવાનો પ્રયત્ન કરશો તો આત્મવિશ્વાસમાં વધારો થશે અને મનને મક્કમ બનાવશે. માટે હરહમેંશ પોઝિટિવ રહેવાનો આગ્રહ રાખવું જરૂરી છે.

એક બીજું પણ ખાસ ખ્યાલ રાખવા જેવું છે કે જો આપણે આપણી જાતને બીજાની જાત સાથે સરખામણી કરશું તો તેમાં પોતાની જ ખામીઓ નજરે પડશે એટલે અન્ય કોઈની સાથે પોતાની જાતની સરખામણી કરવાનું છોડી દેજો. જીવનમાં આગળ વધવા કંઈ કરી છૂટવા માટે અદમ્ય આત્મવિશ્વાસ હોવો જરૂરી છે. જોઈ કોઈ કાર્યમાં આત્મવિશ્વાસ હશે નહીં કે આત્મવિશ્વાસ ઓછો હશે તો કાર્ય સફળતા જોજન કોસ દૂર રહેશે. આત્મવિશ્વાસથી અઢળક છલકતી કોઈપણ વ્યક્તિ સિધ્ધિ હાંસલ કરવા માટે મુસીબત અનુભવતી નથી ઊલટું પૂરેપૂરા આત્મવિશ્વાસ અને આત્મજ્ઞાનથી કરેલું કાર્ય સો ટકા સફળ થાય છે. એટલે આત્મવિશ્વાસ વિના જીવન વ્યર્થ છે એટલે જ જ્ઞાનીજનોએ કહ્યું છે કે મનુષ્યના જીવનની જડીબુટ્ટી એટલે સ્વંયમાં આત્મવિશ્વાસ.


## જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# અરિહંત કોઓપરેટિવ બેંકને ભારત કો.ઓપ. બેન્કિંગ સમિટમાં બે એવોર્ડ શ્રેષ્ઠ NPA મેનેજમેન્ટ તથા શ્રેષ્ઠ અધ્યક્ષ એનાયત થયા







B2B તથા The Founder દ્વારા આયોજિત ભારત કો-ઓપરેટીવ બેન્કિંગ સમિટ ૨૦૨૫ દ્વારા ૨૩ મે ના રોજ મુંબઈની ધ લલિત હોટેલ (ઇન્ટરનેશનલ એરપોર્ટ) ખાતે એવોર્ડ સમારોહનું આયોજન કરેલ હતું. આ આયોજિત સમારોહમાં સંપૂર્ણ ભારતમાંના શહેરી સહકારી બેંકોમાં કાર્યરત અધ્યક્ષો, ડિરેક્ટરો તથા પદાધિકારીઓની હાજરી હતી. આ આયોજિત કાર્યક્રમમાં ભારત સરકારના સંચાર મંત્રાલયના સંયુક્ત સચિવ શ્રી સુમનેશ જોશી દ્વારા મહારાષ્ટ્ર રાજ્યના શહેરી સહકારી બેંકોની શ્રેણીમાં શ્રી અરિહંત કોઓપરેટિવ બેંક, મુંબઈ ને બે એવોર્ડથી સન્માનિત કરવામાં આવી હતી.

આ સાથે મહારાષ્ટ્ર રાજ્યના શહેરી સહકારી બેંકોની શ્રેણીમાં બેંકનું ''NET NPA'' શૂન્ય લાવવા બદલ શ્રી અરિહંત કોઓપરેટિવ બેંકને ''શ્રેષ્ઠ NPA મેનેજમેન્ટ'' તથા બેંકને સંપૂર્ણપણે મજબૂત સ્થિતિમાં લાવવાની ઉત્તમ કારીગીરી બદલ શ્રી અરિહંત કોઓપરેટિવ બેંકના ચેરમેન શ્રી યશોધન રાયચંદ કારાણીને વર્ષ ૨૦૨૫ માટે ''શ્રેષ્ઠ અધ્યક્ષ'' એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આધુનિક ટેકનોલોજી સાથે સજ્જ શ્રી અરિહંત કોઓપરેટિવ બેંક રૂા. ૫૫૩ કરોડથી વધુ ના વ્યાપાર મિશ્રણ સાથે ઉત્તરોત્તર પ્રગતિ કરી રહી છે. ડિજિટલ ઇન્ડિયાનું સપનું સાકાર કરવા બેંક તેમના ગ્રાહકોને તમામ ડિજિટલ બેન્કિંગ સેવા પૂરી પાડવા સકારાત્મક

# અરિહંત કોઓપરેટિવ બેંકને ભારત કો.ઓપ. બેન્કિંગ સમિટમાં બે એવોર્ડ શ્રેષ્ઠ NPA મેનેજમેન્ટ તથા શ્રેષ્ઠ અધ્યક્ષ એનાયત થયા







અભિગમ સાથે કાર્ય કરે છે. આ સમારોહમાં બેંકના અધ્યક્ષ શ્રી યશોધન રાયચંદ કારાણી, ઉપાધ્યક્ષ શ્રી ડોલર પ્રતાપ શાહ, ડિરેક્ટર બોર્ડમાંથી શ્રી કિરણ લાલજી પટેલ, શ્રી રોપીન જયચંદ નાગડા, શ્રી રિતેશ કિશોર ખોના, શ્રી વિરચંદ નરશી લોડાયા અને મિસ મનિષા મણિકાંત પોલડિયા તથા બેંકના સીઈઓ શ્રી બિકાશ ચંદ્ર બિશ્વાસ ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી અરિહંત કોઓપરેટિવ બેંકના અધ્યક્ષ શ્રી યશોધન રાયચંદ કારાણી એ જણાવ્યું હતું કે વર્તમાન સમગ્ર ડિરેક્ટર બોર્ડ તથા કર્મચારીગણના સઘન-અથાગ પ્રયત્નોથી નોંધપાત્ર રિકવરી ને કારણે ''GROSS NPA'' રૂા. ૧૪.૯૯ કરોડ (૯.00%) થી રૂા.૪.૪૦ કરોડ (૧.૯૭%) અને ''NET NPA'' રૂા. ૮.૪૩ કરોડ (૫.૨૭%) થી રૂ.0.00 કરોડ (0.00%) નો નોંધપાત્ર ઘટાડો થયો છે. બેંક ની ધિરાણ રૂા.૨૦૦.00 કરોડના સીમાચિહ્ન વટાવીને રૂા.૨૨૩.૮૮ કરોડ સુધી પહોંચી ગયો છે. CD રેશિયો અગાઉના વર્ષ ૪૪.૧૦% થી વધીને ૬૭.૯૦% થયો છે.

બેંકને મળેલ એવોર્ડ નો શ્રેય બોર્ડ ઓફ ડિરેક્ટર્સ, બોર્ડ ઓફ મેનેજમેન્ટ અને તમામ કર્મચારી ''TEAM ARIHANT''ને આભારી છે તે બદલ અભિનંદન. આ સાથે બેંકના તમામ ગ્રાહકોના સાથ અને સહકાર થકી શ્રી અરિહંત કોઓપરેટિવ બેંક મહારાષ્ટ્ર રાજ્યના મુંબઈ-શહેરી સહકારી બેંકોની શ્રેણીમાં ટોપ-ટેનમાં અગ્રીમ સ્થાન ધરાવે છે, જે અમારા માટે આનંદ અને ગૌરવની વાત છે.

આ અગાઉ શ્રી અરિહંત કોઓપરેટિવ બેંકને બૃહન મુંબઈ નગરી સહકારી બેંક એસોસિએશન લિ દ્વારા ''શ્રેષ્ઠ બેંકનો પ્રથમ એવોર્ડ'' અને ૯મી ઓલ ઇન્ડિયા અર્બન કોઓપરેટિવ બેંકિંગ સમિટ અને એવોર્ડ્સ ૨૦૨૫ સમારોહમાં ''સૌથી વધુ ડિજિટલ બેંકિંગ ગ્રાહકો'' શ્રેણીમાં પણ એવોર્ડ્સ એનાયત કરવામાં આવ્યા હતા.

## પ.પૂ.સાધ્વીશ્રી આનંદકિરણાશ્રીજી મ.સા.એ સંયમ જીવનના ૨૮ મા વર્ષમાં પ્રવેશ કર્યો



કચ્છ કોઠારાના માવિત્ર માતુશ્રી જયાબેન ટોકરશી શામજી લોડાયાના ધર્મ સંસ્કારી સુપુત્રી વિક્રમ સંવત ૨૦૫૪ના જેઠ સુદ ૨ તિથિ દિને ડોંબિવલી નગરે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના હાથે દીક્ષા ગ્રહણ કરી ગુરૂમાતા પ.પૂ.સાધ્વી શ્રી અર્હતકિરણાશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે નૂતન નામ પ.પૂ.સાધ્વીશ્રી આનંદકિરણશ્રીજી મ.સા. ધારણ કરી સંયમ જીવન પથનું વિચરણ શરૂ કર્યું.

તપ, ત્યાગ, ધર્મ, ધ્યાન, આરાધના કરતા અને ગુરૂ ભક્તોને કરાવતા આજે વિક્રમ સંવત ૨૦૮૧ના જેઠ સુદ ૨ તિથિ દિને પૂ.સાહેબ સંયમ જીવનના રજત વર્ષ ઉપરાંત બે વર્ષ અધિક એટલે કે ૨૭ વર્ષ પૂરા કરી ૨૮મા વર્ષમાં પુનિત પ્રકાશમય પ્રવેશ કર્યો છે.

આ શુભદિને સૌની શુભકામના છે કે સાહેબજી અવિરત આગળ વધતાં રહી સુવર્ણ, હીરક, અમૃત વર્ષને પાર કરી સર્વોચ્ચ શતક વર્ષના શિખરે બિરાજે એ મંગલ ભાવના સહ શત શત વંદના.

## પ.પૂ.સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા. ગદગથી અન્નીગેરી થઈ નાલવડી જવા વિહાર કર્યો



પ.પૂ.સાધ્વીજી મહરાસાહેબશ્રી સંયમગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪ અન્નીગેરી મુકામે સુખરૂપ પહોંચી ગયા છે અને સર્વેને ધર્મલાભ કહેલ છે. એક દિવસ અન્નીગેરી દેરાસર મધે સ્થિરતા કરી બીજા દિવસે અન્નીગેરીથી નાલવડી જવા વિહાર કરશે.

સવારના ગદગથી હુલ કોટી નેચરોપેથી સુધી સારી સંખ્યામાં શ્રાવક શ્રાવિકાઓનો સાથ વિહારમાં હતો. ઉલ્લેખનીય વાત એ છે કે ભાઈ વર્ધમાન હર્ષદ પાસડ ૨૧ કિલોમીટરનો વિહાર સાહેબજી સાથે અન્નીગેરી સુધી કર્યો છે.

સર્વે ગદગ નિવાસી ભાઈ-બહેનોની અનુમોદના જે સાહેબજીના દોઢ મહિનાના શેષકાળ દરમ્યાન દરેક રીતે પોતપોતાની જવાબદારી બખૂબીથી સંભાળી શ્રી ક.દ.ઓ.જૈન મહાજન ગદગને ભરપૂર સુંદર સાથ અને સહકાર આપ્યો.

## શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા જરૂરતમંદ લોકોને નિઃશુલ્ક મેડિકલ સાધનોની વ્યવસ્થા કરી આપશે

શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા જરૂરતમંદ લોકોને ઑક્સિજન મશીન (ઑક્સિજન કોન્સેંટ્રેટર) મેડિકલ બેડ, એર બેડ, વ્હીલચેયર, વૉકર, સ્ટીક આદિની નિઃશુલ્ક વ્યવસ્થા શ્રી કુંથુનાથ જિનાલયના કાર્યાલયમાં કરવામાં આવેલ છે. પાછલા ૪ વર્ષોથી ઘણા લોકોએ આ વ્યવસ્થાની લાભ લીધેલ છે. રાયપુરના સિર્ફ જૈન સમાજ દ્વારા જ આ બધી વ્યવસ્થા કરવામાં આવે છે.

# પ.પૂ.સાધ્વીશ્રી સમ્યગદર્શનાશ્રીજી મ.સા. સંયમ જીવનના ૪૨ વર્ષ પૂર્ણ કર્યા



કચ્છ કોઠારાના માવિત્ર માતુશ્રી જયાબાઈ લીલાધર ધનજીભાઈ દંડના ધાર્મિક સંસ્કાર અભ્યાસમાં રત રહેતા પુત્રી આત્મકલ્યાણ માર્ગ સ્વીકારવાના દ્રઢ નિશ્ચય સાથે વિક્રમ સંવત ૨૦૩૯ના જેઠ સુદ ૩ તિથિ દિને કોઠારા નગરે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના હાથે દીક્ષા ગ્રહણ કરી ગુરૂમાતા પ.પૂ.સાધ્વીશ્રી વિશ્વદર્શાનાશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે નૂતન નામ પ.પૂ.સાધ્વીશ્રી સમ્યગદર્શનાશ્રીજી મ.સા. સાથે સંયમ જીવન પંથ પર પ્રવાસ પ્રારંભ કર્યો.

ધર્મ, ભક્તિ, આરાધના, તપ અને ત્યાગ કરતાં ગુરૂભક્તોને કરાવતાં વિક્રમ સંવત ૨૦૮૧ના જેઠ સુદ ૩ તિથિ દિને પૂજ્ય સાહેબ ચાર દાયકાથી બે વર્ષ આગળ વધી ૪૨ વર્ષ પૂર્ણ કરી ૪૩મા વર્ષમાં પ્રવેશ કર્યો છે.

આ ખુશી પ્રસંગે ગુરૂ ભક્તોની લાગણી છે કે પૂજ્ય સાહેબ અવિરત આગળ વધતાં રહી સુવર્ણ, હીરક અને અમૃત વર્ષ પૂર્ણ કરી ઉચ્ચ શિખર એવા શતક વર્ષના સિધ્ધિ શિખરે બિરાજમાન થાય. સાહેબજીને આજના મંગલ દિને શત શત વંદના.

# પ.પૂ.સાધ્વીશ્રી સંયમપ્રિયાશ્રીજી મ.સા.એ સંયમ જીવનના ૯ મા વર્ષમાં પ્રવેશ કર્યો



વિક્રમ સંવત ૨૦૭૩ના જેઠ સુદ ૨ તિથિ દિને નાની સિંધોડીના માવિત્ર માતુશ્રી શિલ્પા દીપક દેવશી મૈશેરીના ગુણ સંસ્કારી પુત્રી સંયમજીવન પંથના પ્રવાસી થવાના કોડ મનમાં ઉછેરતા તેને સાકાર કરવાના દ્રઢ નિશ્ચયે ડોંબિવલી નગરે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના હાથે દીક્ષા સ્વીકારી ગુરૂમૈયા પ.પૂ. સાધવીશ્રી કલ્પપ્રિયાશ્રીજી મ.સા.ના શિષ્યા બની નૂતન નામ પ.પૂ. સાધ્વીશ્રી સંયમપ્રિયાશ્રીજી મ.સા. ધારણ કરી સંયમ જીવન પંથના માર્ગે પ્રવાસ પ્રારંભ કર્યો.

ધર્મ, ધ્યાન, તપ, ત્યાગ, ભક્તિ, આરાધના કરતાં કરતાં અને શ્રાવક શ્રાવિકાઓને કરાવતાં વર્તમાને વિક્રમ સંવત ૨૦૮૧ના જેઠ સુદી ૨ તિથિ દિને પૂજ્ય સાહેબ સંયમ જીવનના આઠ વર્ષ પૂર્ણ કરી નવરંગી ૯મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. ત્યારે આજના શુભદિને સૌ ગુરૂ ભક્તોની મંગલા કામના છે કે પૂજ્ય સાહેબજી અવિરત આગળ વધતાં રહી રજત, સુવર્ણ, હીરકને અમૃત વર્ષથી પણ આગળ સિધ્ધિ શિખર એવા શતક વર્ષના સિહાસન પાટ પર બિરાજે સાહેબજીને શત શત વંદન.

# પ.પૂ.સા.શ્રી સંયમગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪નું હુબલી નગરે પ્રવેશ





અચલગચ્છાધિપતિના આજ્ઞાનું વર્તીની પ.પૂ.સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪ ગદગથી વિહાર કરી તા.૩૦ મે શુક્રવારના હુબલી નગરે પ્રવેશ કરેલ છે. પૂજ્યશ્રીનું હુબલી સંઘમાં ચાતુર્માસ મંગલપ્રવેશ તા.૩૦ જૂનના નિર્ધારીત છે.





# રાયચંદભાઈ ધરમશી અને કિરીટભાઈ લાપસીયા સંચાલિત કિડની અને હાડકાં રોગ નિદાન કેમ્પનું માટુંગામાં મધ્યે આયોજન

તા.૭ જૂન શનિવાર સવારે ૧૧.૩૦ થી સાંજે ૫ સુધી ૨૩ એ મેઘ મહેલ, ગ્રાઉન્ડ ફ્લોર, શીવરી વડાલા રોડ, સહકારી ભંડારની સામે, ડોન બોસ્કો સ્કૂલ પાસે, અરોડા સિનેમા પાછળ, કિંઝ સર્કલ, માટુંગા (ઈસ્ટ) સે.રે. મુંબઈ-૧૯ સ્થળે રાયચંદભાઈ ધરમશી અને કિરીટભાઈ લાપસીયા સંચાલિત કિડની અને હાડકાં રોગ નિદાન કેમ્પનું આયોજન કરાયું. જેમાં નિષ્ણાંત સર્જન ડૉ.રાજેશ ઠક્કર કેમ્પમાં સેવા આપશે. કેમ્પમાં ભાગ લેવા ઈચ્છુક એ રજિસ્ટ્રેશન કરાવું જરૂરી.

રજિસ્ટ્રેશન માટે સંપર્ક શ્વેતા લાલકા-૯૮૧૯૯૮૫૬૫૩.

# શ્રી ક.દ.ઓ.જૈન મહારાષ્ટ્ર એકમ, મહિલા મંચ તથા યુવા મંચની મિટીંગ તા.૨૨ જૂનના રોજ જલગામ મધે મળશે

રવિવાર, તા.૨૨ જૂનના રોજે બપોરે ૧ થી ૫ કલાક દરમ્યાન શ્રી કચ્છી દશા વિશા મહાજનવાડી જલગામ મધે શ્રી ક.દ. ઓ.જૈન મહારાષ્ટ્ર એકમ, મહિલા મંચ તથા યુવા મંચના કારોબારી સદસ્યોની મિટીંગનું આયોજન કરાયું છે. કારોબારીના સર્વે સદસ્યોને જરૂરથી મિટીંગમાં પધારવાનું આમંત્રણ છે.

તે દિવસના કાર્યક્રમની સમય સારણીમાં સાધર્મિક ભક્તિ બપોરે ૧૨ થી ૧, ચૌવિહાર સાંજે ૫ થી ૬ કલાકે. મિટીંગનો એજન્ડા પાછળથી મોકલવામાં આવશે. બહારગામથી પધારનાર સદસ્યોને રોકાવવાની વ્યવસ્થા માટે તા.૫ જૂન પહેલાં અશોકભાઈ પોલડીયા-૯૪૨૨૨૧૨૨૫૦ અથવા કલ્પેશભાઈ છેડા-૯૮૨૨૦૦૬૬૭૮નો સંપર્ક કરવો.

# સંજીવની કેસ નં.૧૮૮ માટે જરૂરી રૂા.૯૫ હજાર નામ માત્ર સમયમાં જમા થઈ ગયા





જખૌના હાલે ડોંબિવલી નિવાસી ૪૬ વર્ષીય બિપિન લાલજીભાઈ મોમાયા પત્ની અને બે બાળકો ધરાવતો પરિવાર છે. તેઓ સાડીની દુકાનમાં સેલ્સમેન છે અને લઘુતમ વેતન મેળવે છે. પત્ની હોમ કૂક તરીકે કામ કરે છે સાથે કપડાં સીવવા અને તેનું રિપેરીંગ કરવાના કામ સ્વીકારે છે. છેલ્લાં ૨ મહિનાથી બિપિન મોમાયાની તબિયત સારી રહેતી ન હોવાથી કામ પર તેઓ નિયમિત જતા નથી. વર્તમાનમાં તેમને એમઆરઆઈમાં સ્ટ્રોક અને ઈન્ફાર્કટના લક્ષણો જણાતા ઈર્મજન્સી પરિસ્થિતિમાં હોસ્પિટલમાં દાખલ કરાયા. જ્યાં ડોક્ટરોએ નિદાન કર્યું કે સાજિટલ સાઈનસ થ્રોમ્બોસિસ જે એક દુર્લભ સ્થિતિ છે અને સુપિરિયર સાજિટલ સાઈનસમાં લોહી ગંઠાઈ જાય છે. જેના ઈલાજ માટે અંદાજિત ખર્ચ રૂા.૯૫ હજાર અપાયો. પરિવારનું કોઈ મેડિકલેમનો સપોર્ટ નથી. આવી કપરી પરિસ્થિતિમાંથી ઉગરવા તેઓએ સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની સંજીવની યોજનામાં અરજી કરી. જેને કેસ નં.૧૮૮ ક્રમાંકિત કરી ક્રાઉડ ફંડિગ માટે ઓપન કરાયો. જણાવતા ખુશી થાય છે કે ક્રાઉડ ફંડિગ શરૂ થતાની સાથે જ જરૂરી ભંડોળ જમા થઈ જતાં ક્રાઉડ ફંડિગ બંધ કરાયું.

જ્ઞાતિજનોની આકસ્મિક પરિસ્થિતિમાં આધારભૂત મદદ માટે ભરોસો આપી. મેડિકલ સમિતિની સંજીવની યોજનાના આજ સુધીના દરેકે દરેક કેસ ઉદારદિલ દાતાઓના સહયોગથી સમયસર અને સુયોગ્ય રીતે ઉકેલી શકાયા છે.

આ ઉમદા અને ઉદાર સહયોગ આપવા માટે સર્વે વ્યક્તિગત દાતાઓ, ટ્રસ્ટ, મહાજન, મંડળ, એકમનો શત શત આભાર સાથે સૌની માનવતા ભરી મદદ માટે શુક્રિયા.

# ઉદાર દાન આપવા બદલ શ્રી કેડીઓ જૈન એજ્યુકેશન ટ્રસ્ટ શાળાનું નામ શ્રી ભરત બી. ખીમજી અંગ્રેજી માધ્યમ શાળા રાખવાનો પ્રસ્તાવ





કર્ણાટકના હુબલીની ક.દ.ઓ.જૈન એજ્યુકેશન ટ્રસ્ટ ઈંગ્લિશ મિડીયમ સ્કૂલને શ્રી ભરતભાઈ ભાણજી ખીમજી દ્વારા રૂા.૨૦ લાખનું દાન ૨૧ સીટર સ્કૂલ બસ માટે અપાયું છે. આ સ્કૂલ બસ ટ્રસ્ટની બંન્ને સ્કૂલના વિવિધ બાળકોની લોજિસ્ટિકસ જરૂરિયાતો પૂરી કરશે. આ વિચારશીલ દાનથી શાળાની સગવડતામાં વધારો કરવામાં મદદ કરશે અને સુવિધાઓ અન્ય શાળાઓ જેટલી થશે.

તદ્ઉપરાંત શ્રી ભરતભાઈ ભાણજી ખીમજીએ શ્રી કેડીઓ જૈન એજ્યુકેશન ટ્રસ્ટ શાળા હુબલીને રૂા.૧ કરોડનું દાન પણ આપ્યું છે. તેની મદદથી સ્માર્ટ બોર્ડ, વીજળીકરણ, કોપર્સ ફંડ અને સ્કૂલ બસ જેવી વિવિધ જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે મદદરૂપ થશે.

શાળા વ્યવસ્થાપન સમિતિ શિક્ષકો અને વિદ્યાર્થીઓ આ ઉદાર અને ઉમદા દાન માટે ભરતભાઈ બી. ખીમજીના આભારી છે. આ ઉદારપૂર્ણ દાનની અનુમોદના સહમાન આપવા માટે સંચાલક મંડળે શાળાનું નામ બદલીને શ્રી કેડીઓ જૈન ટ્રસ્ટ શ્રી ભરત બી. ખીમજી અંગ્રેજી માધ્યમ શાળા રાખવાનો પ્રસ્તાવ મૂક્યો છે.

---

# ૨૦૨૫ વર્લ્ડ માઈન્ડ સ્પોર્ટસ ચેમ્પિયનશિપ વર્લ્ડ લેવલની કોમ્પિટિશનમાં દેવાંશ આશિષ લોડાયા સેકન્ડ રનર અપ વિજેતા થયો

દુબઈમાં યોજાયેલી ૨૦૨૫ વર્લ્ડ માઈન્ડ સ્પોર્ટસ ચેમ્પિયનશિપની વર્લ્ડ લેવલની કોમ્પિટિશનમાં સાંધવ હાલે અમદાવાદના ચિ.દેવાંશ આશિષ ચંદ્રકાંત (બાબુભાઈ) લોડાયા 6 Challenging Subject (1. Flash Math 2. Auditory Math. 3. All 3 Cube. 4. N-Fix 5. Word Bank અને 6. Sudoku) માં પાર્ટિસિપેટ કરી પોતાના બેસ્ટ પર્ફોમન્સ આપીને ઈન્ટરનેશનલ વર્ડ બેન્ક કેટેગરીમાં 2nd રનરઅપની ટ્રોફી જીતીને વિજેતા થયો. આ સિધ્ધિથી પરિવાર તેમજ જ્ઞાતિનું ગૌરવ વધયું છે. જેનો માતુશ્રી મણિબેન બાબુભાઈ લોડાયા પરિવારને હરખ છે.

ચિ. દેવાંશ લોડાયાએ સિધ્ધિ પ્રાપ્ત કરી છે તે માટે અભિનંદન સાથે ભવિષ્યની ઉજ્જવળ કારકિર્દી માટે ભાવપૂર્વક શુભેચ્છા.



# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

**શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી મે-જૂન માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.**

| | |
|---|---|
| તા. ૨૮ મે ૨૦૨૫ | શ્રી વિમલનાથ જિનાલય, બાન્ડીયા ધ્વજારોહણ મહોત્સવ લાભાર્થી મા. વિજયાબેન રતીલાલ આણંદજી લોડાયા પરીવાર, નાસિક. |
| તા. ૨૯ થી ૩૧ મે ૨૦૨૫ | સાંધાણ ગામે બિરાજમાન મૈશેરી કુળદેવી શ્રી આશાપુરા માતાજીની નુતન મંદિરમા પ્રણ પ્રતિષ્ઠા. |
| તા. ૩૧ મે થી ૦૧ જૂન ૨૦૨૫ | લાપશીયા પરીવારના રવા ગામે બિરાજમાન કુળદેવી શ્રી સચ્ચાઇ માતાજી મંદિર ધ્વજારોહણ મહોત્સવ |
| તા. ૦૧ જૂન ૨૦૨૫ | શ્રી અનંતનાથજી ટ્રસ્ટ તથા મુંબઈ મહાજન પ્રેરિત અનંત માર્ગ દર્શન દ્વારા ધો.૧૦ -૧૨ ના વિદ્યાર્થીઓ માટે કેરીયર પ્લાનીંગ સેમીનાર સવારે ૧૦.૦૦ થી બપોરે ૧.૦૦ મુંબઇ, રજીસ્ટ્રેશન- મો.૮૧૬૯૨૪૪૯૭૫ |
| તા. ૦૧ જૂન ૨૦૨૫ | શ્રી મુનિસુવ્રતસ્વામી દેરાસર, કોઇમ્બતુર ધ્વજારોહણ મહોત્સવ. લાભાર્થી મા. કલ્પનાબેન કીર્તિભાઇ નરશી માવાણી મોમાયા પરીવાર (વરાડીયા) |
| તા. ૦૧ જૂન ૨૦૨૫ | શ્રી મહાકાળી માતાજીની ભાવના ઝવેર રોડ દેરાસર, મુલુંડ રાત્રે ૮.૩૦ ક. થી લાભાર્થીઃ મા. ધનલક્ષ્મીબેન સૂર્યકાંત લોડાયા, રવા- મુલુંડ |
| તા. ૦૩ જૂન થી ૦૫ જૂન ૨૦૨૫ | શ્રી મોટી ખાવડી તીર્થ ૧૪૯ મુ ધ્વજારોહણ ત્રિહાનિકા મહોત્સવ. લાભાર્થી મા. સરોજબહેન માણેકજી રૂપશી લોડાયા પરીવાર. |
| તા. ૦૫ જૂન ૨૦૨૫ | મુંબઈ મહાજન આયોજિત કેડીઓ બીઝનેસ મેન માટે Udaan-the Pitch. નામ નોધાવવાની અંતિમ તારીખ. ઈમેલઃ kdoyuvasamitigmail.com, ૮૨૯૧૪૫૩૭૨૦, ૯૮૧૯૪૬૨૧૩૧ |
| તા. ૦૬ જૂન થી ૦૮ જૂન ૨૦૨૫ | નાની ખાવડીમાં બિરાજમાન શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજી જિનાલયની ૧૦ મી ધજા નિમિત્તે ત્રિહાનિકા મહોત્સવ. ૬/૬/૨૦૨૫ બપોરે શ્રી નવકાર જાપ, રાત્રે - ભાવના. ૭/૬/૨૦૨૫ ૧૮ અભિષેક, રાત્રે ભાવના. ૮/૬/૨૦૨૫ સત્તર ભેદી પૂજા અને શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ દાદાની ધ્વજા |
| તા. ૦૭ જૂન ૨૦૨૫ | શ્રી રાયચંદભાઈ ધરમશી તથા કીરીટભાઇ લાપશીયા પરીવાર સંચાલિત કિડની અને હાડકાં રોગ નિદાન કેમ્પ સવારે ૧૦ થી સાંજે ૪. કિંગ્સ સર્કલ, મુંબઈ. ૯૮૧૯૯૮૫૬૫૩ |
| તા. ૦૭ જૂન ૨૦૨૫ | શ્રી અનંતનાથ ટ્રસ્ટ, મુંબઈ મહાજન તથા શ્રી નરશી નાથા મેડિકલ ટ્રસ્ટ આયોજિત ઓનલાઇન મુદ્રા વિજ્ઞાન સેમિનાર. રાત્રે ૯.૦૯ ક. https://chat.whatsapp.com/Bcv5Ml44W456mOKj0oxTXz |
| તા. ૦૮ જૂન ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ. મંડળ ડોમ્બીવલી નોટબુક, સ્કૂલ યુનિફોર્મ, સ્ટેશનરી, દફતર વિતરણ શૈક્ષણિક કાયેક્રમ સવારના ૧૦ કલાકેથી માધવાશ્રમ હોલ. |
| તા. ૦૮ જૂન ૨૦૨૫ | શ્રી રચના મહિલા મંડળ, મુંબઈ ૩૫ વર્ષમાં વાર્ષિક દિનની ઉજવણી મેવાડ કેશરી હોલ, ભાડુંપ. |
| તા. ૨૦ જૂન ૨૦૨૫ | નલિયામાં શ્રી ચંદ્રપ્રભ જૈન અતિથિ ભવનનુ નુતનિકરણ ૧૫ રૂમોની નવી વિન્ગ, ઉપહાર ગૃહ તથા બન્ને વિન્ગને જોડતી લિફ્ટનું ભુમી પુજન |
| તા. ૨૨ જૂન ૨૦૨૫ | શ્રી વરાડીયા ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન સ્નેહ મિલનઃ જૈનમ હોલ, ભાડુંપ બપોરે ૪.૦૦ ક. થી. |
| તા. ૨૭ જૂન ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન નલિયા નુતન અતિથિ ભવન નવ નિર્માણ ભૂમિપૂજન, ખાત મુહુર્ત તથા મુખ્ય શિલાન્યાસ. સવારે ૯.૩૦ ક. ધર્મશાળા ફલિયા, નલિયા. |
| તા. ૨૮ જૂન ૨૦૨૫ | બાંડીયા ગામેશ્રી વિમલનાથજી દેરાસરે અઢાર અભિષેક સહ ધ્વજારોહણ મહોત્સવ દાતા પરિવાર માતુશ્રી વિજયાબેન રતીલાલ આણંદજી લોડાયા બાંડીયા નાસીક હ ચી.મનન દિપેન લહેરચંદ લોડાયા |
| તા. ૦૬ જૂલાઈ ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ. મંડળ ડોમ્બિવલીઃ સાંસ્કૃતિક કાર્યક્રમ |

# બાંડિયા નગરે ૧૩મા તીર્થંકર શ્રી વિમલનાથ જિનાલયનો ૧૬૧ મો ધ્વજા મહોત્સવ પ્રસંગે દ્વિદિવસીય ઉત્સવ ઉજવણી થઈ





કચ્છ અબડાસા પ્રદેશના બાંડિયા નગરે ૧૩મા તીર્થંકર શ્રી વિમલનાથ જિનાલયના ૧૬૧મા ધ્વજા મહોત્સવ અવસરે જેઠ સુદ એકમ તા.૨૭ મે મંગળવાર અને જેઠ સુદ બીજ બુધવાર તા.૨૮ મે દિને વિવિધ ધર્મ આરાધનાઓ સહ ઉજવણી સ્થાનિક કચ્છ-મુંબઈ તેમજ દેશાવરથી ગામ જ્ઞાતિજનો સાથે ૧૮૦ થી ૨૦૦ જણની ભવ્ય ઉપસ્થિતિ સાથે ધામધૂમથી કરાઈ.

આ વર્ષના ધ્વજા મહોત્સવ કાર્યક્રમના દાતા માતુશ્રી વિજયાબાઈ રતિલાલ આણંદજી લોડાયા પરિવાર હસ્તે મનન જલ્પા દિપેન ગીતાબેન લહેરચંદ લોડાયા નાશિક રહ્યાં હતાં. દાતા પરિવારની અનુમોદના કરાઈ હતી. દ્વિદિવસીય મહોત્સવમાં અઢાર અભિષેક પૂજા તેમજ દેરાસરની ૧૬૧મી ધ્વજા આરોહણનો કાર્યક્રમ વિધિકાર સુરેશભાઈ સોની અને એમની ટીમના સહયોગથી વિધિ વિધાન ગીત સંગીતની રમઝટ સાથે અભિષેક તથા ધ્વજાનો મહત્વ વિસ્તારથી સમજાવ્યો હતો.

શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન બાંડિયાના ટ્રસ્ટી શ્રીમતી હંસાબેન પટેલ સાથે કિરીટ લોડાયા, કિરણ ધુલ્લા, ખુશાલ લોડાયા, પીયૂષ લાલકા, કિરણ લોડાયા, નવીન મૈશેરીની ભવ્ય હાજરી રહી હતી.

ઘણા વર્ષો સુધી બાંડિયા મહાજનનું કાર્યભાર ટાઈમ ટુ ટાઈમ સુંદર રીતે સંભાળનાર વડીલ નરેન્દ્રભાઈ રાઘવજી લોડાયા એ હાજર રહી માર્ગદર્શન આપ્યું સાથે જણાવ્યું કે આટલા જણા હાજર છો તો શ્રી ભલારાદાદાના પાઠ દાતા પરિવારના જ ઘરમાં રાખો એવું ઉમદા સૂચન કર્યું. જેને બધાએ હર્ષપૂર્વક વધાવી લીધું હતું અને દાતા પરિવારના ઘરમાં જ દાદાનો પાઠ કિરણ લોડાયા સાથે લવ લાલકાએ સુંદર રીતે વિધિ વિધાન પૂર્વક કર્યું હતું.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે ચાર દિવસ અગાઉ બાંડિયા આવીને મુંબઈ જ્ઞાતિ મહાજનના ધાર્મિક કમિટિના કન્વીનર મનોજ દામજી લોડાયાના માર્ગદર્શનમાં દાતા પરિવારના દીપેન લહેરચંદ લોડાયાએ તન, મન, ધનથી સંપૂર્ણ પણે સરસ રીતે આયોજન કરેલ.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સ્થાનિકે મહેશ મોમાયા, પીયૂષ લાલકા, કિરણ લોડાયા, રાજેશ નાગડાએ અને એમને બહારગામથી પધારેલ ગામ જ્ઞાતિજનો જયેશ લાલકા, ચંદ્રેશ લોડાયા, નિપેષ પટેલ, મયૂર નાગડા, મુકેશ વિકમશી, જતીન લોડાયા, મીત લાલકા, હિરેન ધુલ્લા, અમિત લોડાયા, નિલેશ પટેલ, રાજેશ લાલકા, શાંતિલાલ મૈશેરી તેમજ અન્ય કાર્યકરોએ સુંદર સાથ સહકાર આપ્યો હતો.

શુભ દિવસ પ્રસંગની ઉજવણીની ખુશીમાં માતુશ્રી ખેતબાઈ રાયશી મૈશેરી તેમજ માતુશ્રી ખેતબાઈ શીવજી મૈશેરી પરિવાર દ્વારા મહાજનને રૂ.૫૧ હજાર સાધારણ ખર્ચ ખાતે આપવાની જાહેરાત પરિવારના નવીન મૈશેરી દ્વારા કરવામાં આવી હતી. ગામની નિયાણી બહેનોએ પધારી ભેગા મળીને મહાજનના સાધારણ ખર્ચ ખાતામાં રૂ.૧૧ હજાર આપ્યાં હતાં.

બાંડિયા ગામના ૧૫ વર્ષ સુધી સરપંચ રહેલા જયેન્દ્ર સિંહ જાડેજા નખત્રાણાથી ખાસ પધારી કાર્યક્રમની શોભા વધારી હતી.

# બાંડિયા નગરે ૧૩મા તીર્થંકર શ્રી વિમલનાથ જિનાલયનો ૧૬૧ મો ધ્વજા મહોત્સવ પ્રસંગે દ્વિદિવસીય ઉત્સવ ઉજવણી થઈ





બાંડિયા ગામના ૧૩મા તીર્થંકર શ્રી વિમલનાથજીના દેરાસરનો ધ્વજા મહોત્સવ દર વર્ષે ધામધૂમ અને શ્રધ્ધાપૂર્વક ઉજવાય તે માટે આગામી તેર વર્ષ સુધીના દાતાઓની ઘોષણા કરવામાં આવી હતી. દર વર્ષે આજ રીતે રંગેચંગે, હર્ષોલ્લાસ ભાવ સાથે ધ્વજા મહોત્સવ ઉજવાય તે માટે શ્રી બાંડિયા જૈન મિત્ર મંડળ જહેમત ઉઠાવશે એવી ખાત્રી મંડળના પ્રમુખ મનોજ લોડાયા, નિપેષ પટેલ, જતીન લોડાયા, મયૂર નાગડા, કેતન લોડાયા, મીત લાલકા અને હિરેન ધુલ્લા દ્વારા આપવામાં આવી.

શ્રી બાંડિયા ટ્રસ્ટ અને બાંડિયા મંડળની સંયુક્ત મિટીંગમાં શ્રી હંસાબેન પટેલ સાથે ટ્રસ્ટીઓ, બાંડિયા મંડળના મેમ્બર્સ મેવાડ ભવન, ભાંડુપની મિટીંગમાં નક્કી કરેલ કે શ્રી વિમલનાથજીના ધ્વજા મહોત્સવનું આયોજન બાંડિયા મંડળ સંભાળશે. જેમાં ટ્રસ્ટીઓ સાથ આપશે. એવી જ રીતે પર્યુષણ પર્વનું આયોજન ટ્રસ્ટ મંડળ કરશે. જેમાં મંડળના મેમ્બર્સ સાથ આપશે. બધાએ દાતા પરિવારની ખૂબ ખૂબ અનુમોદના કરી હતી.

# ભાવભીની શ્રદ્ધાંજલિ





જયાબેન મોમાયા
તા.૨૭ મે (ઉ.૭૯)
સાંયરા-ડોંબિવલી



નિશાંતભાઈ લાલકા
તા.૨૮ મે (ઉ.૪૨)
ધ્રાફા-નાગપુર



**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● કેન્દ્ર સરકારે વિકસિત દેશોની જેમ ભારતમાં એર ટેક્સી ઉડાડવા માટે સક્રિય વિચારણા શરૂ કરી છે. એર ટેક્સી શરૂ કરવા પરીક્ષણ હાથ ધરવા માટે પ્રારંભિક ચાર સાઈટ પસંદગી કરાઈ છે. જેમાં માંડવીનો સમાવેશ કરાયો છે. ખાનગી રાહે મુંદરા અમદાવાદ વચ્ચે એર ટેક્સી ઉડાન ભરી રહી છે. પણ હવે કેન્દ્ર સરકારના નાગરિક ઉડ્ડયન મંત્રાલયએ એર ટેક્સી ઉડાડવા કવાયત હાથ ધરી છે. ઈલેક્ટ્રિક વર્ટિકલ ટેક ઓફ અને લેન્ડિંગ કરી શકે તેવું બેટરી આધારિત એરક્રાફ્ટ એર ટેક્સી તરીકે ઓળખાય છે.

● કચ્છ ભુજના માનકૂવા ગામની યશ્વી ગાંધી ધ પાન લીગસી નામે પાનનું સ્ટાર્ટ અપ કર્યું છે. જેના મુંબઈમાં ચાર સ્ટોર છે. ચેમ્બુર, ઘાટકોપરમાં ખાઉગલીમાં, કાંદિવલી મહાવીર નગર અને અંધેરીમાં ઓનલાઈન ડિલેવરી સ્ટોર. દરરોજ બપોરના ૧૨ થી રાતના ૧ વાગ્યા સુધી સ્ટોર ખૂલ્લાં હોય છે. જેમાં ૭૫ વિવિધ પ્રકારના પાનનું વેંચાણ થાય છે. મબાક ફૂલ્ફી આર્યુવેદિક, સુગર ફ્રી, થંડાઈ, ફરેરો રોચરપાન વિગેરે. યશ્વી સાથે પાર્ટનર તરીકે પુનિતકુમાર રાજેશ શર્મા છે. અત્યાર સુધી પાનનો ગલ્લો કહેવાતા આ બિઝનેસમાં પુરુષોનું પ્રભુત્વ રહ્યું છે. સ્ત્રીઓ આ લાઈનમાં છે જ નહિં. ૨૦૦૦માં બીએમએમ પૂર્ણ કરી યશ્વી કર્લસ ટીવી, સાંડુ ફાર્માસ્યુટિકલ્સ, રેડ ચિલીઝ એન્ટરટેઈનમેન્ટ, સોની, બીબીસી વિગેરેમાં ૩ વર્ષ બ્રાન્ડ મેનેજર તરીકે જોબ કરી ૨૦૨૪ જાન્યુઆરીમાં પાનની નવી લાઈનમાં ઝંપલાવ્યું.

● કચ્છ જિલ્લાની તમામ અદાલતોમાં વર્ષ ૨૦૨૫ની પ્રથમ રાષ્ટ્રીય લોક અદાલત યોજવામાં આવી હતી. જેમાં ૨૧ કરોડની વસૂલાત કરવામાં આવી. આ લોક અદાલતમાં કુલ્લ ૪૯૧૫ પ્રી લિટીગેશન, સમાધાન લાયક કુલ્લ ૯૪૮ અને સ્પેશિયલ મેજિસ્ટ્રીયલ સીટિંગમાં કુલ ૩૮૯૭ મળી કુલ્લ ૯૭૬૦ કેસનો નિકાલ કરાયો હતો. આ લોક અદાલતને સફળ બનાવવામાં જિલ્લાના ન્યાયધીશો દ્વારા લગ્ન વિષય, ચેક બાઉન્સ, કેસો, સિવિલ દાવાઓ વાહન અકસ્માત વળતરના કેસો તથા અન્ય સમાધાનલાયક કેસોમાં અગાઉથી જ સમાધાન પ્રક્રિયા હાથ ધરી અને કેસોના નિકાલની કાર્યવાહી કરવામાં આવી હતી.

● અબડાસા તાલુકાના વાયોર, વાગોઠ, બેર વિસ્તારમાં સિમેન્ટ ઉદ્યોગ આવ્યા પછી વાગોઠ ચોકડી અને વાયોર નલિયા ધોરી માર્ગ ધમધમતો થયો છે. વાયોર પાસે અલ્ટ્રાટેક, બેર પાસે સાંઘી સિમેન્ટના કારણે વાહન વ્યવહાર વધયો છે. આ બંન્ને ઉદ્યોગના માલિક બદલી ગયા છે. ત્યારે હવે વધુ વિકાસ થાય એવી સ્થાનિકો આશા સેવી રહ્યાં છે. આ વિસ્તારમાં પંક્ચર, સ્પેર પાર્ટસ, હોટલ, વાહન રિપેરીંગ, દૂધ વેંચાણ જેવા ધંધામાં વધારો થયો છે. પેટ્રોલ પંપ પણ ધમધમે છે. વાયોરમાં મકાન ભાડે મળવું મુશ્કેલ બન્યું છે.

● મહારાષ્ટ્રના કેટલાક વિસ્તારો ગોળના ઉત્પાદન માટે જાણીતા છે. પણ અબડાસા તાલુકાનું કનકપર ગામના ખેડૂતો દેશી પધ્ધતિથી ગોળ બનાવી આશ્ચર્ય સર્જ્યું છે. કનકપર પ્રગતિશીલ અને સંપવાળું ગામ છે. આ ગામને શ્રેષ્ઠ ગામ તથા સો ટકા ટપક પધ્ધતિ અપનાવવા સહિતના ભારત સરકાર દ્વારા એવોર્ડ પણ મળ્યાં છે. આ ગામના લોકોએ ગૌચર જમીન વિકસાવી છે. કનકેશ્વરી ખેડૂતોના જૂથએ પોતાની વાડીઓમાં શેરડીનું વાવેતર કર્યું. આ શેરડી કાપીને મોટા મશીનમાં રસ કાઢી ચાર ભઠીઓ પર તાવડા લગાવી ગોળ બનાવ્યું. જેને કનકેશ્વરી ગોળ બ્રાન્ડ નામ આપ્યું છે. કોઈ કેમિકલ વગર બનાવેલ ગોળ રૂા.૮૦ પ્રતિકિલોથી વેંચાણ રખાયું છે.

● કચ્છ બિદડા વીશા ઓસવાલ જૈન મહાજન સંચાલિત બિદડા પાંજરાપોળ અને ગૌશાળાને ૧૫૦ વર્ષ પૂર્ણ થતા દાદર ખાતે સાર્ધ શતાબ્દી મહોત્સવ યોજાયો. જેમાં સંસ્થાના ટ્રસ્ટી રાજેશભાઈ હિરજી છેડાએ બિનાબેન રાજેશભાઈ હિરજી છેડાની સ્મૃતિમાં પાંજરાપોળના બંન્ને યુનિટના નવ નિર્માણના મુખ્ય દાતા તરીકે રૂા.પાંચ કરોડનું દાન જાહેર કર્યું હતું. જેને ઉપસ્થિત સર્વે એ વધાવી લીધું હતું. આ ઉપરાંત અન્ય અગ્રણીઓએ દાનની સરવાણી વહેડાવી હતી.

ARIHANT BANK

SHRI ARIHANT CO-OP. BANK LTD.

# Watch your savings grow, effortlessly.

**FIXED DEPOSIT**

720 Days

RATE OF INTEREST

*7.85% per annum

For General Public

*8.35% per annum

For Senior Citizens

STAMP FRANKING

Now Available

*Terms & conditions apply

Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| | | | | |
|---|---|---|---|---|
| Bhandup (West) 86526 30381 | Borivali (West) 86526 30390 | Dombivli (East) 86526 30386 | Ghatkopar (East) 86526 30383 | Ghatkopar (West) 86526 30385 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Masjid Bunder 86526 30384 | Matunga 86526 30389 | Mulund (West) 86526 30382 | Thane (West) 86526 30388 | Vashi 86526 30387 | Kamothe 86521 19656 |

SADA AAPKE SANG, ARIHANT

For More Details, Call Nearest Branch or

Toll Free : 1800 221 984

Working Hours : 10:30 am to 05:30 pm (Except Bank Holidays)



www.arihantbank.com

@ Arihant Bank